**સેશન્સ કેસ નંબરઃ– ૪૫/૨૦૨૩**

**આંક –૧૨૨**

| | | |
|---|---|---|
| સેશન્સ કેસ નંબરઃ– ૪૫/૨૦૨૩ | | |
| ફરીયાદપક્ષે સાહેદ નંબર | ૧૦ | ની જુબાની |

હું આ ઉપરથી પ્રતિજ્ઞા કરુ છુ કેઃ

| | | | | |
|---|---|---|---|---|
| મારુ નામ | કરણભાઈ ઈશ્વરભાઈ ઠાકોર | | | |
| ધર્મ | હિન્દુ | | મોબાઈલ નંબર | 9879918518 |
| ઉંમર આશરે | ૪૩ | વરસની | ધંધો | વેપાર |
| રહેવાનુ | ઢુંઢીયાવાડી પાલનપુર તા.પાલનપુર | | ડીસ્ટ્રીકટ | બનાસકાંઠા |
| સોગંદ આપ્યા | | સરતપાસ | એ.પી.પી.શ્રી | વી.બી.કંસારા. |

(૧) હું દશ ધોરણ પાસ છું. આશરે ત્રણેક વર્ષ પહેલા હું મારા સબંધીની ખબર લેવા માટે પાલનપુર સીવીલ ટ્રોમા સેન્ટર ખાતે ગયેલો અને ત્યાં પોલીસે મને બોલાવેલ અને તમારે એક ડેડ બોડીના પંચનામામાં રહેવાનુ છે તેવુ જણાવતા મે પંચમાં રહેવા માટે ખુશી બતાવેલી અને અમે ગયા ત્યારે પી.એમ.રૂમમાં પડેલી હતી અને માથાના ભાગે પાટો બાંધેલો હતો અને પોલીસ સ્ટાફ અને ડોકટર સ્ટાફ તથા ભરતભાઈ ઠાકોર તેમના સગા હાજર હતા અને સાથે હું તથા બીજા પંચ તરીકે કેતનભાઈ રમેશભાઈ પરમાર હાજર હતા. પછી તેમણે ડેડ બોડીનો પાટો ખોલી અમને ડેડબોડીની ઈજાઓ બતાવેલી અને ડેડ બોડીના માથાના ભાગે પાછળની સાઈડે ગંભીર ઈજાઓ થયેલી હતી તથા ડેડ બોડીના માથાની જમણી સાઈડે ગંભીર ઈજાઓ થયેલી હતી અને ડેડ બોડી જોતા એવુ લાગતુ હતુ કે પાછળના ભાગે તિક્ષ્ણ હથિયારથી વાગેલુ હોય અને ડેડ બોડીના જમણા હાથની બીજા નંબરની આગળીમાં થોડુ છોલાયેલુ હતુ અને ડેડ બોડીની આંખો ખુલ્લી હતી

સાહેદની સહી ........................

અને ડાબા હાથમાં અંકિત કરીને ઈંગ્લીશમાં લખેલુ હતુ અને ડાબી સાઈડ ગળાના ભાગે તલનું એક નિશાન હતુ અને ડેડ બોડીના માથાના વાળ લાલ કલરના હતા અને મહેદી લગાવેલી હોય તેવુ લાગતુ હતુ અને ડેડ બોડીનો રંગ ઘવાયેલો હતો અને આશરે ડેડ બોડીની ઉંમર ૨૫–૩૦ વર્ષ જેટલી લાગતી હતી અને તેમની હાઈટ અંદાજિત પાંચેક ફુટ હશે અને તેમના શરીર ઉપર કપડા ન હતા અને જ્યારે ડેડ બોડી જોઈ ત્યારે વીડીયો માટે એક પોલીસ સ્ટાફ અને કેમેરામેન હાજર હતા અને પંચનામુ અમોએ લખાવેલુ તે મુજબ તેમણે લખેલુ અને વંચાવ્યુ પછી મારી તથા કેતનભાઈ રમેશભાઈ પરમાર મારી હાજરીમાં સહી લીધેલી અને તે પછી તે ડેડ બોડીનું પી.એમ. કરવામાં આવ્યુ.

મને માર્ક:૧૦/૪૦ વાળું મરણોત્તર પંચનામું બતાવવામાં આવે છે, જે પંચનામાનામાં પંચ નં.૧ તરીકે મારી તથા પંચ નં.ર કેતનભાઈ રમેશભાઈ પરમાર સહી છે,જે હું ઓળખી બતાવુ છુ, જે રજુ દાખલ **આંક:૧૨૩** આપવામાં આવે છે.

**સરતપાસ પુરી.**

**આરોપીનં.૧ તર્ફે ઉલટતપાસ વિ.વ.શ્રી.બી.બી.મૈઢ..**

(૨) એ વાત ખરી છે કે મે મારી સરતપાસમાં જે લાશનો પાટો ખોલીને જોયેલાની હકીકત લખાવેલ છે, તેવી હકીકત પંચનામામાં લખાવેલ નથી. એ વાત ખરી છે કે મે મારી સરતપાસમાં જે ''ડેડ બોડીના માથાના ભાગે પાછળની સાઈડે ગંભીર ઈજાઓ થયેલી હતી તથા ડેડ બોડીના માથાની જમણી સાઈડે ગંભીર ઈજાઓ થયેલી હતી અને ડેડ બોડી જોતા એવુ લાગતુ હતુ કે પાછળના ભાગે તિક્ષ્ણ હથિયારથી વાગેલુ હોય'' તેવી હકીકત પંચનામામાંલખાવેલ નથી. એ વાત ખરી છે કે મારી સરતપાસમાં જે ''જ્યારે ડેડ બોડી જોઈ ત્યારે વીડીયો માટે એક પોલીસ સ્ટાફ અને કેમેરામેન હાજર હતા'' તેવી હકીકત પંચનામામાં લખાવેલ નથી. એ વાત ખરી નથી કે મરણજનાર મારો પાડોશી થતો હોય સોગંધ પર ખોટી જુબાની આપુ છું.

સાહેદની સહી ........................

**<u>આરોપીનં.૨,૩ તર્ફે ઉલટતપાસ</u> <u>વિ.વ.શ્રી ડી.જે.તિવારી.</u>**

ઉપરની જુબાની એડોપ્ટ કરવામાં આવે છે.

**<u>આરોપીનં.૪ તર્ફે ઉલટતપાસ</u> <u>વિ.વ.શ્રી એસ.એલ.શેખ</u>**

ઉપરની જુબાની એડોપ્ટ કરવામાં આવે છે.

**<u>આરોપીનં.૫ તર્ફે ઉલટતપાસ</u> <u>વિ.વ.શ્રી વી.એ.ઘાસુરા.</u>**

ઉપરની જુબાની એડોપ્ટ કરવામાં આવે છે.

**<u>આરોપીનં.૭ તર્ફે ઉલટતપાસ</u> <u>વિ.વ.શ્રી એન.આર.ફોસી</u>**

ઉપરની જુબાની એડોપ્ટ કરવામાં આવે છે.

**<u>આરોપીનં.૮ તર્ફે ઉલટતપાસ</u> <u>વિ.વ.શ્રી પી.એલ.શર્મા</u>**

ઉપરની જુબાની એડોપ્ટ કરવામાં આવે છે.

**<u>આરોપીનં.૯ તર્ફે ઉલટતપાસ</u> <u>વિ.વ.શ્રી ડી.આઈ.કોન્ટ્રાકટર</u>**

ઉપરની જુબાની એડોપ્ટ કરવામાં આવે છે.

**ઉલટતપાસ પુરી..**

**વિશેષ ઉલટતપાસ નથી.**

**સાહેદ તથા વકીલશ્રીઓ ચાલુ જુબાનીએ પોતાની જુબાની મોનીટર ઉપર વાંચી શકે છે તેથી તેણે એપ્રુવ કરેલી જુબાનીની પ્રિન્ટ છે. નામ.ગુજરાત હાઈકોર્ટ તરફથી આ અદાલતને તા.૨૪/૦૭/૨૦૧૯ના રોજ સુચના મળેલ છે કે દરેક જુબાનીઓમાં સાહેદની સહી લેવી તેથી સાહેદે લખ્યા મુજબ જુબાની આપ્યાની કબુલાત બદલ સહી કરેલ છે.**

............................................

સાહેદની સહી

| | |
|---|---|
| મુ. ડીસા<br>તા. ૨૩/૦૨/૨૦૨૬ | મારી રૂબરૂ,<br>(કુ.એસ.એમ.કાનાબાર)<br>છઠ્ઠા એડી.સેસન્સ જજ, ડીસા |

સાહેદની સહી ........................